


સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર સ્થિત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંયુક્ત ઉપક્રમે તા. ૨૫મી એપ્રિલ ગુરુવારથી સમર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો છે. જેમાં કેરમ, ચેસ, સાયન્સ પ્રોજેક્ટ, કબ્બડી, વોલીબોલ, ડાન્સ, રાઈફલ શુટીંગ, બ્યુટીશીયન, કરાટે સ્કેટિંગ જેવી રમતોમાં કુલ ૩૭૮ જેટલા વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. આ કેમ્પ સાત દિવસ સુધી ચાલશે. સમગ્ર સંચાલન શ્રીમતી આર.જી. પટેલ કન્યાશાળા અને ક્રીએટીવ ઝોન દ્વારા કરવામાં આવ્યું છે.

# મુખ્યમંત્રીના પોલીસ કાફલાને અકસ્માત

## ચાર પોલીસ કર્મચારીને ઇજા : મુખ્યમંત્રી રૂપાણી અંબાજીથી પરત ફરતા





ગાંધીનગર

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લોકસભાની ચૂંટણી પૂર્ણ થતાં રાજ્યમાં તમામ બેઠકો જીતવાની આશા સાથે યાત્રાધામ અંબાજી મંદિરના દર્શન કર્યા હતા. તેમણે અંબાજીમાં માતાજીની સવારની આરતીનો લાભ લીધો હતો અને પૂજા કરી હતી. તેમનો કાફલો જ્યારે પાછો ફરતો હતો ત્યારે એક પોલીસ કારને અકસ્માત થતાં ચાર પોલીસ કર્મચારીને ઈજા થઈ છે.

લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે પૂરી થતાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અંબાજી માતાના દર્શને ગયા હતા. તેમની સાથે તેમની પત્ની અંજલીબેન પણ મોજૂદ હતા. તેમણે ગબ્બરના દર્શન પણ કર્યા હતા. રૂપાણીએ અંબાજી મંદિરને ૩૧૦૦૦ રૂપિયાનું દાન કર્યું છે. દર્શન કરીને તેઓ પાછા આવતા હતા ત્યારે તેમના કાફલાની એક કારને અકસ્માત થયો હતો.

રૂપાણીનો કાફલો ખેડબ્રહ્મા પાસે આવ્યો ત્યારે તેજ રફતારમાં ચાલતી કાફલાની ગાડીઓ જ્યારે આગિયા મટોડા ગામ પાસે હાઈવે પર આવી ત્યારે રસ્તામાં ભૂંડ આવી જતાં કાફલાની એક કારના ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં બ્રેક મારી હતી જેના કારણે કાર પલટી ખાઈને હાઈવે પરથી નીચે ઉતરી ગઈ હતી. આ પાયલોટીંગ કારમાં બેઠેલા ડીવાયએસપી ભરત બારોટ, એલસીબી પીઆઈ વીઆ ચાવડા અને એસઓજીના પીએસઆઈ આઈએસ પરમાર સહિત એક પોલીસ કર્મચારીને ઈજા થઈ હતી. આ તમામને હિંમતનગરની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી વિજય રૂપાણીની ગાડી પસાર થઈ ગયા બાદ ભૂંડ રસ્તામાં આવતાં પોલીસની પાયલોટિંગ જીપ પલટી ખાઈ જતાં અન્ય એક પેસેન્જર જીપ સાથે ટકરાઈ હતી. આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી પરંતુ ચાર પોલીસ જવાનોને ઈજા થઈ હતી. મુખ્યમંત્રીની કારને કોઈ નુકશાન કે અકસ્માતની અસર થઈ નથી.

# સે-૫/એ ખાતે ચાર વર્ષની બાળકીને શ્વાને ઈજા પહોંચાડી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેકટરોમાં રખડતા ઢોર અને શ્વાનનો આતંક છવાયેલો છે. રખડતા ઢોરને પગલે શહેરમાં બે નાગરીકોના મૃત્યું થયાના કિસ્સા છે. તો બીજીતરફ રખડતા શ્વાનના ત્રાસને પગલે કેટલાક સેકટરોમાં નાગરીકો ઘરની બહાર નીકળતા પણ વિચાર કરે છે. તેવા સમયે બુધવારના રોજ સાંજના સમયે શહેરના સેકટર-૫ એ ખાતે ઘર આગળ રમતી બાળકીને એક શ્વાન ખેંચી ગયું હતું. શ્વાને બાળકીને બચકા ભરીને લોહી લુહાણ કરી દીધી હતી. સ્થાનિક વસાહતીઓ અને પરિવારના સભ્યોએ હિંમત કરીને શ્વાન થી નાનકડી દિકરીને બચાવી લીધી હતી. શ્વાને ઈજા પહોંચાડતા બાળકીને તાત્કાલીક સારવાર માટે લઈ જવાઈ હતી.

ગાંધીનગર શહેરના બાળકોને હવે ઘર આગળ રમવુ પણ ઝોખમી બની ગયું છે. ઘર પાસે પણ બાળકો સલામત રહ્યા નથી રમતા બાળકો પર શ્વાન એટેક કરતા બાળકોમાં ડર ફેલાયો છે. શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ તો યથાવત રહેવા પામ્યો છે. તેનો નિકાલ તો આજદિન સુધી તંત્ર લાવી શક્યુ નથી. ત્યારે સેકટરોમાં શ્વાન પકડવા માટે ફરતી ગાડીમાં પણ ભાગ્યેજ શ્વાન દેખાય છે. ત્યારે સેકટર-૫ એ ખાતે ઘર આગળ રમી રહેલી બાળકી પર અચાનક શ્વાનો હુમલો કરતા બાળકી ગભરાઈ ગઈ હતી. શ્વાને બચકા ભરી લેતા બાળકીને ઈજા પહોંચતી હતી. સાંજે ઘર પાસે બાળકો રમી રહ્યા હતા તે સમયે બનાવ બનતા અન્ય બાળકો પણ ગભરાઈ ગયા હતા. પરિવારના સભ્યો અને નાગરીકોએ મહામુસીબતે બાળકીને બચાવી હતી. હાથ-પગે શ્વાને ઈજા પહોંચાડતા નાનકડી દીકરીને તાત્કાલીક સારવાર માટે લઈ જવાઈ હતી. જયા દિકરીને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી ત્યારબાદ ઈન્જેકશન આપવામાં આવ્યા હતા. હાલના સમયે ઉનાળાની રજાઓ અને વેકેશનનો માહોલ જામ્યો છે.ત્યારે દરેક ઘર બાળકોના કલરવથી ગુંજી ઉઠે છે. ત્યારે ઘર પાસે રમી રહેલા બાળકો પર અચાનક શ્વાને હુમલો કરતા દરેક પરિવાર ચિંતિંત નજરે પડે છે. ત્યારે સેકટરોમાં રખડતા શ્વાનને પકડી દુર કરવા માટે પણ લોકમાંગ ઉઠવા પામી છે.

# પીડીપીયુ ખાતે શહેરી ગર્વનન્સ અને સ્માર્ટસીટીઝ આધારીત બે દિવસીય વર્કશોપનું સમાપન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ દ્વારા આયોજિત બે દિવસીય રાષ્ટ્રીયકક્ષાના વર્કશોપનું આજે સમાપન થયું હતું. ‘‘શહેરી ગર્વનન્સ અને સ્માર્ટ શહેરો’’ વિષયે ‘‘પડકારો અને સંભાવનાઓ’’ પર ચર્ચા-સંશોધન કરતા આ વર્કશોપમાં ૧૮૦થી વધુ વિદ્યાર્થીઓ જેમાં અન્ડર ગ્રેજ્યુએટથી માંડીને પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે તેઓ જોડાયા હતા.




પીડીપીયુ ખાતે યોજાયેલા ‘‘અર્બન ગર્વનન્સ એન્ડ સ્માર્ટ સીટીઝ’’ વર્કશોપમાં હૈદારાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટીના આઈસીએમએના રિજનલ સેન્ટરના જાહેર વહીવટ અને જાહેર નીતિના પ્રાધ્યાપકો ડૉ. શ્રીરામ તથા ડૉ. અનુરાગ શ્રીવાસ્તવ દ્વારા સંકલન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં અનેક પાસાંઓને આવરી લેવાયાં હતા જે માટે નિષ્ણાતો જેવા કે શહેરી ગવર્નન્સ નીતિના નિવૃત સનદી અધિકારી સી.કે. કોશી, સેપ્ટ યુનિવર્સિટીના એકઝુક્યુટિવ ડાયરેક્ટર પ્રો. શિવાનંદ સ્વામી તથા પ્રો. સસ્વાત બંદોપાધ્યાય, ગીફ્ટ સીટીના વાઈસ પ્રેસિડેન્ટ નિરજ ત્યાગી, આઈઆઈએમ અમદાવાદના પ્રો. ડૉ. સુંદરવલ્લી નારાયણ સ્વામી સહિત અનેક મહાનુભાવોનો સમાવેશ થાય છે.

# મતદાન બાદ રીસીવીંગની જવાબદારી સંભાળતા કર્મચારીને માર મારવા સંદર્ભે કાર્યવાહી કરવા માંગ

## ગુજરાત રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળ દ્વારા વલસાડના પ્રાંત અધિકારી સમક્ષ પગલાં ભરવા મુખ્ય ચૂંટણી કમિશ્નરને રજુઆત

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળ દ્વારા વલસાડ ખાતે ચૂંટણી ફરજ પરના જિલ્લા પંચાયત કર્મચારી વિજય પટેલને મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી કે.જે. ભગોરા દ્વારા અપશબ્દો બોલી માર મારવાની ઘટના અંગે રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશ્નરને પત્ર લખી ઉગ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે. આ સાથે મહામંડળ દ્વારા અધિકારી સામે તપાસ કરી તાત્કાલિક શિક્ષાત્મક કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.

ગુજરાતમાં તા. ૨૩મી એપ્રિલે લોકસભાની ચૂંટણીના મતદાન સમયે વલસાડ જિલ્લા પંચાયતના સિનિયર ક્લાર્ક વિજય વી. પટેલને વલસાડ લોકસભા સંસદીય મતવિસ્તારમાં રીસીવીંગની જવાબદારી સોંપવામાં આવી હતી ઉપરાંત તેમને મૌખિક સુચનાથી સ્ટેટમેન્ટ-૧ અને સ્ટેટમેન્ટ-૨નો પણ સ્વીકાર કરવા જણાવવામાં આવ્યું હતું. આ સૂચના મુજબ કાર્ય કરી રહેલા વિજય પટેલ જ્યારે પ્રિસાઈડીંગ અધિકારીઓ પાસેથી સામગ્રી લઈ રહ્યાં હતા ત્યારે એકાએક ટેબલ પર સ્ટાફનો પ્રવાહ વધી જવાથી અવ્યવસ્થા ઉભી થવા પામી હતી તેવું મહામંડળની ફરિયાદમાં જણાવ્યા અનુસાર તે દરમ્યાન ચાલુ કામગીરીએ મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી કે.જે. ભગોરા દ્વારા વિજય પટેલને અપશબ્દો બોલી માર મારવામાં આવ્યો હતો. મહામંડળ દ્વારા આ કૃત્યને વખોડી કાઢવા સાથે કે.જે. ભગોરા સામે તપાસ ચલાવી તાત્કાલિક શિક્ષાત્મક કાર્યવાહી કરવા રાજયના મુખ્ય ચૂંટણી કમિશ્નર સમક્ષ લેખિતમાં માંગ કરવામાં આવી છે. જેથી ભવિષ્યમાં અન્ય કોઈ અધિકારી પણ હોદાને છાજે નહી તેવું વર્તન કર્મચારી સાથે કરે નહી.

# અંબાપુરના ખેતરમાંથી જુગાર રમતા ચાર શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫

અડાલજ થી અંબાપુર તરફ જતા માર્ગ પર ખેતરમાં જુગાર રમતા ચાર શકુનીઓ ઝડપાયા છે. અડાલજ પોલીસે શકુનીઓ પાસેથી રૂ.૨૮,૩૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અડાલજ પોલીસને બાતમી મળી હતી કે અડાલજ થી અંબાપુર તરફ જવાના માર્ગ પર એક ખેતરમાં ઓરડીની પાછળ ખુલ્લી જગ્યામાં પાના-પત્તા પર હાર-જીતનો જુગાર રમી રહેલા ચાર શકુનીઓને અડાલજ પોલીસે દબોચી લીધા હતા. જેમાં અડાલજ ખાતે રહેતા ગોપાલ ભીખાભાઈ ઠાકોર (વાવવાળો વાસ), માંગીલાલ કાંતિભાઈ વણઝારા (વણઝારા વાસ), રાજેશ લક્ષ્મણજી મકવાણા (ટીંબાવાસ), અને સુરેશ રમેશ વણઝારા ( વણઝારા વાસ),નો સમાવેશ થાય છે. અડાલજ પોલીસે ચારેય જુગારીઓ પાસેથી કુલ રૂ.૨૮,૩૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈન્દિરાબ્રિજ પાસે સ્કુટર-કાર વચ્ચે અકસ્માત : એકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર-અમદાવાદ એરપોર્ટ માર્ગ પર ભાટ ગામ પાસે ઈન્દીરા બ્રિજ પર કારની ટક્કરે સ્કુટર ચાલકનું મૃત્યું નિપજ્યું હતું. ભાટ ગામે રહેતા વડીલ પોતાનું સ્કુટર લઈને મુખ્ય માર્ગ પહોચ્યા હતા. તે સમયે અચાનક કાર ચાલકે ટક્કર મારતા માર્ગ પર વડીલ પટકાતા તેઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ થતા પુત્ર તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને પિતાને નજીકની ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા, પરંતુ ડોકટર વડીલને બચાવી શક્યા ન હતા. ત્યારે બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી કાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ભાટ ગામે વસવાટ કરતા પૃથ્વીરાજ મુળચંદ વર્મા (ઉં.વ.૬૭) બુધવારે બપોરે અઢી વાગ્યાના અરસામાં પોતાનું સ્કુટર લઈને જઈ રહ્યા હતા ત્યારે તેમને અકસ્માત નડ્યો હતો. ઈન્દીરા બ્રિજ પર કાર ચાલકે સ્કુટરને ટક્કર મારી હતી. જેને પગલે વડીલ રોડ પર પટકાયા હતા જેમાં તેઓને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે તાત્કાલીક નાગરીકો એકઠા થઈ જતા ૧૦૮ મારફતે તેઓને એપોલો હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા.જયા તેઓને તાત્કાલીક સારવાર શરુ કરી દેવાઈ હતી. જો કે ગંભીર રીતે ઈજા પામેલા વડીલના શરીરમાંથી વધુ લોહી વહી જતા ડોકટર્સના જીવ બચાવવાના પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. ઘટનાને પગલે મૃતક વડીલના પુત્રએ મોડી રાત્રે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વર્ના કાર જી.જે.૦૧.કે.એસ.-૬૪૫૪ના ચાલક સામે ગુનો નોંધીનો કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જયારે કારના નંબરના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અલ્પેશનું ધારાસભ્યપદ રદ કરાવવા કોંગ્રેસની રજૂઆત

## ધારાસભ્ય અશ્વિન કોટવાલ, બળદેવજી ઠાકોરે અલ્પેશને સભ્યપદેથી દૂર કરવા કરેલી અરજી : ટૂંકમાં નિર્ણય કરાશે

અમદાવાદ,તા. ૨૫

લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ હવે કોંગ્રેસે પક્ષ સાથે છેડો ફાડનાર અને પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનાર અલ્પેશ ઠાકોરનું ધારાસભ્યપદ રદ કરવાની મહત્વની કવાયત હાથ ધરી છે. અલ્પેશ ઠાકોરને હવે ધારાસભ્યમાંથી કમી કરવા માટે કોંગ્રેસ શરૂ કરેલી કાર્યવાહીને પગલે હવે રાજકારણ ગરમાયું છે. ખાસ કરીને ઠાકોર સેનામાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. જો કે, ઠાકોર સેનાનો બહુ મોટો વર્ગ પણ હવે અલ્પેશ ઠાકોરની વિરૂધ્ધમાં પડયો છે. જેથી આગામી દિવસોમાં અલ્પેશ ઠાકોરની મુશ્કેલી વધવાની છે તે નક્કી છે. રાધનપુરના કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરને લોકસભા ચૂંટણી દરમિયાન પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ કોંગ્રેસે ધારાસભ્યપદેથી દૂર કરવાની માંગણી કરી છે. કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિન કોટવાલ અને બળદેવજી ઠાકોરે વિધાનસભા સચિવને રૂબરૂ મળીને અલ્પેશનું ધારાસભ્યપદ રદ કરાવવા અરજી કરી છે. અગાઉ કોંગ્રેસે અલ્પેશ ઠાકોરને પક્ષમાંથી દૂર કરવા માટેની પ્રક્રિયા પણ હાથ ધરી હતી. પક્ષ છોડવાની જાહેરાત કર્યાના ચાર દિવસ બાદ ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે તા.૧૦ એપ્રિલે કોંગ્રેસને રાજીનામું મોકલી આપ્યું હતું. ત્યારબાદ બનાસકાંઠાના દિયોદરમાં અપક્ષ ઉમેદવારના સમર્થનમાં પક્ષ વિરોધી કાર્ય કરતાં કોંગ્રેસ તેની સામે પગલાં લેવાનો નિર્ણય કર્યો હતો તેમજ અલ્પેશ ઠાકોરને બિહારના સહપ્રભારી પદેથી હટાવ્યો હતો.

# ઈવીએમ-વીવીપેટની સુરક્ષા માટે ત્રણ સ્તરીયની સલામતી

અમદાવાદ,તા. ૨૫

ગુજરાતની તમામ લોકસભા બેઠકો માટે તા.૨૩ એપ્રિલના રોજ મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને તમામ ઈવીએમ-વીવીએમ સ્ટ્રોંગરૂમમાં પણ રાખી દેવામાં આવ્યા છે. જો કે, ઈતિહાસમાં સૌપ્રથમવાર ઈવીએમ સ્ટ્રોંગરૂમમાં એક મહિના સુધી બંધ રહેશે. કારણ કે, મતગણતરી છેક તા.૨૩મી મેના રોજ થવાની છે તેથી ત્યાં સુધી સ્ટ્રોંગરૂમમાં ઈવીએમ-વીવીપેટ મશીન સીલબંધ હાલતમાં રખાશે. જો કે, ઈવીએમ-વીવીપેટની સુરક્ષા માટે એકદમ ફુલપ્રુફ અને થ્રી લેયર અભેદ્ય સુરક્ષા કવચ ખડકી દેવાયું છે. સીઆરપીએફ, એસઆરપી અને સ્થાનિક પોલીસ સહિતના સુરક્ષા જવાનોને રાઉન્ડ ધ ક્લોક થ્રી લેયર સીકયોરીટીમાં તૈનાત કરી દેવાયા છે. ગુજરાતમાં લોકસભાની ચૂંટણી તા.૨૩ એપ્રિલે પૂર્ણ થયા બાદ અમદાવાદ સહિત રાજયભરમાંથી ઈવીએમ-વીવીપેટ નિયત સ્ટ્રોંગરૂમમાં લોખંડી સુરક્ષા વચ્ચે મૂકી દેવાયા છે. તા.૨૩મેના રોજ કાઉન્ટિંગ માટે ઈવીએમના સીલ ખોલવામાં આવશે. ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર ઈવીએમ એક મહિના સુધી સ્ટ્રોંગરૂમમાં પડ્યા રહેશે. લોકસભા ૨૦૧૪માં ગુજરાતમાં તા.૩૦ એપ્રિલે મતદાન યોજાયું હતું અને ત્યાર બાદ ૧૬મેના રોજ મતગણતરી યોજાઈ હતી.

# બોગસ મતદાન : ગ્રામ્ય જિલ્લા પોલીસ વડા દ્વારા તપાસ કરાશે

અમદાવાદ,તા. ૨૫

ગુજરાત લોકસભાની તાજેતરની ચૂંટણીમાં અમદાવાદ જિલ્લાના બાવળાના બાપુપુરા ગામે થયેલા બોગસ મતદાન મામલે હવે વહીવટીતંત્ર દોડતું થયું છે અને ગાંધીનગર જિલ્લા કલેકટરે સમગ્ર ઘટના મામલે અમદાવાદ ગ્રામ્ય જિલ્લા પોલીસ વડાને તપાસના આદેશ આપ્યા છે. ભાજપના નેતા અને જિલ્લા પંચાયતના પ્રમુખ જીતેન્દ્રસિંહ ચૌહાણ બોગસ મતદાન કરતા હોવાનો વિડીયો વાઈરલ થતાં સમગ્ર રાજ્યમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ખાસ કરીને ચૂંટણી તંત્ર અને શાસક પક્ષ ભાજપ સામે હવે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. બોગસ મતદાનનો વીડિયો વાયરલ થયા બાદ ભાજપના નેતાઓએ વીડિયો જૂનો હોવાનો દાવો કર્યો હતો તો બીજીબાજુ, આ કેસમાં ફરિયાદી એવા કોંગ્રેસના સંજય મકવાણાએ બોગસ મતદાનનો વીડિયો આ જ ચૂંટણીનો બે દિવસ પહેલાંનો જ હોવાનો મક્કમ દાવો કર્યો છે. એટલું જ નહી, તેમણે આ અંગેના તમામ પુરાવાઓ પણ આપવાની તૈયારી દર્શાવી છે. વધુમાં, ફરિયાદી સંજય મકવાણા તરફથી ચૂંટણી પંચને આ સમગ્ર પ્રકરણમાં સંડોવાયેલા અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ જિતેન્દ્રસિંહ ચૌહાણ અને એ દિવસે ફરજ પર હાજર પ્રિસાઈડીંગ ઓફિસર, ચૂંટણી અધિકારીઓ સહિતના તમામ કસૂરવારો સામે કાયદાકીય રાહે કડક પગલાં લઈ આકરી સજા કરવા પણ ઉગ્ર માંગણી કરવામાં આવી છે. વાયરલ થયેલા વીડિયોમાં બોગસ મતદાન થતું હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે અને ચૂંટણીમાં ફરજ પર હાજર એકપણ અધિકારી તેનો વિરોધ નથી કરી રહ્યાં. ઘટના મામલે હવે સજાગ થયેલા તંત્રએ તપાસ માટે આદેશ આપ્યા છે. ત્યારે ચૂંટણી પંચ હવે શું કાર્યવાહી કરશે તેના પર સૌની નજર છે. ગઈકાલે અમદાવાદ જિલ્લા પંચાયતના ભાજપના પ્રમુખ જિતેન્દ્રસિંહ ચૌહાણે વર્તમાન લોકસભાની ચૂંટણીમાં મતદાન નહીં કરનાર મતદારોના નામે બાવળા તાલુકાના બાપુપુરા મતદાન મથકમાં બોગસ વોટિંગ કરાવ્યું હોવાનો કથિત વીડિયો ફરતો થયો હતો. આ વીડિયોને આધારે કોંગ્રેસે ચૂંટણી પંચમાં ફરિયાદ કરી હતી. ગાંધીનગર જિલ્લા કલેક્ટરે છે હતું કે ઉમેદવારે આવી ઘટના ફરી ના થાય તેવી ટકોર કરી હતી. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર સી.જે. ચાવડાએ કહ્યું કે રજૂઆત બાદ અધિકારીઓએ વીડિયો જૂનો હોવાનું જણાવતા વિરોધ ટાળ્યો હતો. જો કે, કોંગ્રેસ હવે સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ ન્યાય માટે લડત આપશે. આ મામલે કાનૂની નિષ્ણાતોની સલાહ મુજબ આગળની કાયદાકીય કાર્યવાહી કરવાની પણ તજવીજ હાથ ધરાઈ રહી છે.